અપીલ અરજી નં.૧૯૫ તા.૨૩–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અસદ રમજાનીભાઈ શેખ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (ગુમાસ્તા વિભાગ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૭–૮–૦૯ ની અરજીથી Cz/એસ–૧૦/૪૦૪૦ ગુમાસ્તાધારા લાઈસન્સ તાજુ કરી આપ્યુ અને તેના આગલા લાઈસન્સની વિગત, પત્રક અને પુરાવાની વિગતો આ પહેલાના અન્ય લાઈસન્સની વિગત અને પુરાવા , ૧૯૯૯ થી ૨૦૦૯ ઓગષ્ટ સુધીમાં રદ થયેલા અને તાજા થયેલાની લાઈસન્સોની પુરાવામાં અરજી પત્રક અને આધાર ફેરફારની વિગતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૩–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૫/૨૦૦૯–૧૦

શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૭–૮–૦૯ ની અરજીથી Cz/એસ–૧૦/૪૦૪૦ ગુમાસ્તાધારા લાઈસન્સ તાજુ કરી આપ્યુ અને તેના આગલા લાઈસન્સની વિગત, પત્રક અને પુરાવાની વિગતો આ પહેલાના અન્ય લાઈસન્સની વિગત અને પુરાવા , ૧૯૯૯ થી ૨૦૦૯ ઓગષ્ટ દરમ્યાન રદ થયેલા અને તાજા થયેલાની લાઈસન્સોની પુરાવામાં અરજી પત્રક અને આધાર ફેરફારની વિગતની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન (ગુમાસ્તા વિ.) પત્ર નં.સી.ઝેડ/એસ.એન્ડ ઈ./આ. ૨૦૨ તા.૧૪–૯–૦૯ થી આપેલ માહિતીમાં માંગેલ પુરાવા મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૧૧ તા.૩૦–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આજ દિન સુધી કોઈ પૂરક વિગતો મળેલ નથી.પરંતુ અરજદારે અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ તા.૧૪–૯–૦૯ ના માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ ગુમાસ્તાધારા લાયસન્સ બાબતની વિગતે માંગવામાં આવેલી માહિતી ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૪–૯–૦૯ ના રોજ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે Cz/એસ–૧૦/૪૦૪૦ લાયસન્સની વિગત જેવી કે વોર્ડ નં.૧૦/૨૪૩૮ ચોકબજાર મેઈન રોડ એડવર્ડ લોન્ડ્રીના માળ ઉપર કામ કરતી સંસ્થાની વિગતની નોંધણી તથા રીન્યુઅલ અંગેના દસ્તાવેજોના પુરાવાની નકલ સામેલ કરેલ હોવાનું જણાવી સંસ્થાનું નામ સીલેકશન હાઉસ, માલિકનું નામ, મોહંમદ સીદ્દીક મોહંમદભાઈ તંબુવાળા, કામકાજનો પ્રકાર કાપડનો વેપાર, સંસ્થાનું સરનામું ૧૦/૨૪૩૮, ચોક બજાર, મેઈનરોડ, એડવર્ડ લોન્ડ્રીના માળ ઉપર, નોંધણીનું પ્રમાણપત્ર નં. Cz/એસ–૧૦/૪૦૪૦ નોંધણીની તા.૧૨–૭–૯૫ તથા રીન્યુની તા.૩૧–૧૨–૦૯ સુધી જે અંગે નોંધણી પ્રમાણપત્ર મેળવવા તથા રીન્યુ કરેલ પુરાવાની વિગત ૧ નોંધણી કરાવવા અરજી ફોર્મ 'એ' ની નકલ તથા રીન્યુ કરવા અંગે ભરેલ ફોર્મ 'ડી' ની નકલ અરજદારે પૂરી પાડેલ જણાય છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે. જેમાં નમુના 'એ' તથા 'ડી' ના ફોર્મની વિગત પૂરી પડાયેલ જણાય. છે. અરજદારે તેની માહિતી માંગતી અરજી સામે તા.૨૩–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં ગુમાસ્તાધારા લાયસન્સના પુરાવા લાયસન્સ કાઢી આપ્યા તેના પુરાવા, ૧૯૯૫ અને ૨૦૦૯ના સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. રજૂ થયેલ વિગત જોતાં નોંધણી પ્રમાણપત્ર મેળવવા તથા રીન્યુ કરવા અંગેના અરજી ફોર્મ સિવાય તેની સાથે બીડેલ અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી કે તે નહીં પૂરી પાડવા કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ ઉપસ્થિત કરી જણાયેલ નથી. નોંધણી અરજી કે રીન્યુઅલ અરજી સાથે અન્ય કોઈ દસ્તાવેજો બીડેલ છે કે કેમ? તે અંગે પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતીમાં ઉલ્લેખ કરેલ નથી કે પૂરક વિગતોમાં અત્રે કોઈ બાબત જણાયેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે ગુમાસ્તા લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ તેમજ કાઢી આપવામાં આવેલ પુરાવા મળેલ ન હોવાની અપીલ તબકકે રજૂઆત ધ્યાને લઈ ઉપરોકત બાબતે જો કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ થયા હોય તો જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી ઉચિત નિર્ણય લઈ અરજદારને તે અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ( ગુમાસ્તા વિભાગ) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.(ગુમાસ્તાધારા વિભાગ).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અસદ રમજાનીભાઈ શેખ,